# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-06-2024** **Morning : 7.10 to 7.20**

**Day: Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વારાણસી ખાતે પીએમ કિસાન નિધી અંતર્ગત ખેડૂતોનાં ખાતામાં નાણાં જમા કરાવશે.
- રાજ્યના ખેડૂતો આજથી આઇ પોર્ટલ દ્વારા વિવિધ યોજનાઓ માટે અરજી કરી શકશે.
- માંડવી નજીકના દરિયાકાંઠેથી રૂપિયા 20 કરોડથી વધુની કિંમતના ચરસના 40 પેકેટ મળી આવ્યા
- રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં 24 જૂનથી શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે.
- અરબી સમુદ્રમાં બે સિસ્ટમની અસરને પગલે આગામી પાંચ દિવસ સુધી રાજ્યનાં વિવિધ જિલ્લાઓમાં હળવાથી ભારે વરસાદની સંભાવના.

---

## PM VARANASI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પોતાના સંસદીત મતવિસ્તાર વારાણસી જશે. શ્રી મોદી વારાણસીમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન સંમેલનમાં ઉપસ્થિત રહેશે.

સાંજે કાશી વિશ્વનાથ મંદિરમાં પૂજા અને દર્શન કરતા પહેલા પ્રધાનમંત્રી દશાશ્વમેઘ ઘાટમાં ગંગા આરતી કરશે. આજે રાત્રે વારાણસીમાં જ વિશ્રામ કર્યા બાદ પ્રધાનમંત્રી આવતીકાલે બિહાર માટે રવાના થશે.

આકાશવાણીના સંવાદદાતાના જણાવ્યા મુજબ, ત્રીજી વખત પ્રધાનમંત્રી બન્યા પછી શ્રી નરેન્દ્ર મોદીનો આ પહેલો વારાણસી પ્રવાસ છે. પ્રધાનમંત્રીએ ખેડૂત કલ્યાણ માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવતા પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિના 17મા હપ્તા જાહેર કરવાની ફાઈલ પર હસ્તાક્ષર કર્યા હતા. શ્રી મોદી પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિ અંતર્ગત લગભગ નવ કરોડ 25 લાખ લાભાર્થી ખેડૂતોને 20 હજાર કરોડ રૂપિયાથી વધુનો 17મો હપ્તો જાહેર કરશે. અત્યાર સુધી 11 કરોડથી વધુ ખેડૂત પરિવારે પ્રધાનમંત્રી કિસાન યોજના અંતર્ગત ત્રણ કરોડ ચાર લાખથી વધુનો લાભ પ્રાપ્ત કર્યો છે.

આ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી કૃષિ સખી તરીકે સ્વ-સહાય જૂથોની ત્રીસ હજારથી વધુ મહિલાઓને પ્રમાણપત્ર પણ એનાયત કરશે. પ્રમાણપત્ર વિતરણનો આ કાર્યક્રમ “લખપતિ દીદી” કાર્યક્રમના ઉદ્દેશને અનુરૂપ છે.

...................................................................................

## KHEDUT I PORTAL

રાજ્યના ખેડૂતો આજથી 18મી જૂનથી આઈ-ખેડૂત પોર્ટલ દ્વારા ઓનલાઇન અરજી કરી શકશે. ગાંધીનગરથી અમારા પ્રતિનિધિ દુર્ગેશ મેહતા જણાવે છે કે, ખેડૂત હિતલક્ષી વિવિધ યોજનાનો લાભ મેળવવા ઈચ્છુક ખેડૂતોએ **www.ikhedut.gujarat.gov.in** પર આજથી સાત દિવસ સુધીમાં

ઓનલાઈન અરજી કરવાની રહેશે.  ખેડૂતો પાણીના ટાંકા બાંધકામ પર સહાય યોજના, સ્માર્ટ ફોન સહાય યોજના અને પાક સંગ્રહ યોજના સહિત વિવિધ યોજનાઓ માટે અરજી કરી શકશે.

.................................................................................

## Kutch drugs seizure

સૌરાષ્ટ્ર-કચ્છની આંતરરાષ્ટ્રીય જળસીમામાં ડ્રગ્સ માફિયાઓ દ્વારા નશીલા દ્રવ્યોની દાણચોરીનો સિલસિલો યથાવત રહ્યો છે.  ગઈકાલે માંડવી પોલીસને પેટ્રોલિંગ દરમિયાન માંડવી નજીકના દરિયા કાંઠેથી રૂપિયા 20 કરોડથી વધુની કિંમતના ચરસના 40 પેકેટ મળી આવ્યા હતા.

છેલ્લાં એક સપ્તાહમાં માંડવીના દરિયાકાંઠેથી 93 પેકેટ ચરસના મળી આવ્યા છે. જેની કિંમત આશરે રૂપિયા  46.50 કરોડ આંકવામાં આવી છે. સર્ચ અભિયાન દ્વારા માત્ર 10 દિવસમાં સૌરાષ્ટ્ર-કચ્છનાં દરિયાકાંઠેથી રૂપિયા 150 કરોડથી વધુની કિંમતનાં ચરસનાં પેકેટ મળી આવ્યા છે.

જુનાગઢમાં નવ કિલો ગાંજો લઇને જઈ રહેલા 4 શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. નશીલા દ્રવ્યોની દાણચોરી રોકવા સમગ્ર દ્વારકા અને કચ્છના દરિયાકાંઠામાં સઘન પેટ્રોલિંગ, ડ્રોનથી સર્વેલન્સ તેમજ સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

.................................................................................

## Univarcity Akdemik Clendar

રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટીઓમાં 24 જૂનથી શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. સરકારી યુનિવર્સિટીઓનું એકેડમિક કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું છે.

જે મુજબ 26 જૂનથી 14 ડિસેમ્બર સુધી પ્રથમ સત્ર ચાલુ રહેશે. જ્યારે 16 ડિસેમ્બરથી 28 એપ્રિલ સુધી બીજુ સત્ર ચાલુ રહેશે. આ દરમિયાન 27 ઓક્ટોબરથી 16 નવેમ્બર સુધી દિવાળી વેકેશન રહેશે. જ્યારે 29 એપ્રિલથી 16 જૂન સુધી ઉનાળુ વેકેશન વિદ્યાર્થીઓને આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, 13 જૂનથી શાળાઓ શરૂ થઈ ગઈ છે અને હવે 24 જૂનથી કોલેજોના નવા શૈક્ષણિક સત્રની શરૂઆત થશે.

.......................................................................

## Std-10 & 12 Purak Exam

ધોરણ – 10 અને ધોરણ-12ની બોર્ડની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે 24મી જૂનથી છઠ્ઠી જુલાઈ સુધી પૂરક પરીક્ષા યોજાશે.

અમદાવાદ શહેરના 19 હજાર સહિત રાજ્યના એક લાખથી વધુ વિદ્યાર્થીઓ પરિક્ષા આપશે. સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનો સમય બપોરે 3 વાગ્યાથી લઈ સાંજે 6.30 વાગ્યા સુધીનો રહેશે. જ્યારે ધો-10ની પરીક્ષાનો સમય સવારે 10 વાગ્યાથી લઈ બપોરે 1.15 સુધીનો રહેશે.

.......................................................................

# ANGDAN

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બ્રેઇનડેડ યુવકના પિતાએ પુત્રના અંગોનું દાન કરીને અન્ય ત્રણના જીવનમાં ઉજાસ પાથર્યો હતો. મજુરી કામ કરતા  યુવાનને અકસ્માત થયો હતો. સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તબીબોએ તેને બ્રેઈન ડેડ જાહેર કર્યો હતો.

યુવાનના પિતાને  સિવિલ હોસ્પિટલના ડોક્ટરોની ટીમે પુત્રના બ્રેઇન ડેડ હોવા તેમજ અંગદાન વિશે સમજાવતા તેમણે પુત્રના અંગોનું દાન કરવાનો નિર્ણય કર્યો છે. આ ગુપ્ત અંગદાન થકી બે કીડની  તેમજ એક લીવરનું દાન મળ્યુ હતું. સિવિલ હોસ્પિટલ ખાતે આ સાથે અત્યાર સુધીમાં કુલ ૧૫૭ અંગદાતાઓ થકી કુલ ૫૦૮ અંગો તેમજ ચાર સ્કીનનું દાન મળેલ છે. જેના થકી ૪૯૨ વ્યકિતઓને જીવનદાન મળ્યું છે.

..........................................................................

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABADને ફોલો કરી શકો છો.

..........................................................................

# TAPI- Leprosy

તાપી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા રક્તપિત્તના શંકાસ્પદ દર્દીઓને શોધવાનું અભિયાન ચાલી રહ્યુ છે.

આ માટે તાપી જિલ્લાના 800 જેટલા આરોગ્યકર્મીઓ અથાગ પ્રયત્નો કરી રહ્યા  છે. આ અભિયાનને લઈને મેડિકલ ઓફિસર ડો.રોહિત ભીંગરાડીયાએ વધુમાં આ મુજબ જણાવ્યું…

(બાઈટ- ડો.રોહિત ભીંગરાડીયા, મેડિકલ ઓફિસર)

*(તાપી જિલ્લામાંથી આપણને 49 કન્ફર્મ દર્દીઓ મળ્યા છે આ દર્દીઓની આપણે તરત સારવાર ચાલુ કરી દીધી છે. જો દર્દીની સારવાર મોડી ચાલુ કરવામાં આવે તો દર્દીને વિકૃતિ આવી શકે અને આ વિકૃતિ આવ્યા પછી તેનું કોઈ નિરાકરણ હોતું નથી. જેથી આવા દર્દીને આપણે વહેલામાં વહેલી તકે શોધી કાઢીએ એ આપણો અભિગમ હોય છે. હવેની જે બાકીની વસ્તી છે એમાં પણ લોકોને મારી એ જ આપીલ છે કે જ્યારે તમારા ઘરે ટીમ નોંધણી માટે આવે એ ટાઈમે તમે સહકાર આપો.)*

………………………………………………………………

# Rain

અરબી સમુદ્રમાં બે સિસ્ટમની અસરને પગલે આગામી પાંચ દિવસ સુધી રાજ્યનાં વિવિધ જિલ્લાઓમાં હળવાથી ભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. સૌરાષ્ટ્ર નજીક દરિયામા સાયક્લોનિક સરક્યુલેશન સર્જાયું છે, જેની અસરથી ચોમાસાની ગતિવિધી ઝડપી બની છે.

હવામાન ખાતાની આગાહી પ્રમાણે આજે અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર ઉપરાંત સૌરાષ્ટ્ર-

કચ્છ અને દક્ષિણ ગુજરાતનાં મોટા ભાગના જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે.

ગઈ કાલે રાજ્યનાં 20 તાલુકામાં બે ઇંચ સુધી વરસાદ નોંધાયો હતો. અમરેલીનાં બાબરામાં બે ઇંચ, ભાવનગરનાં ગારિયાધર, અમરેલીનાં લિલિયા અને છોટા ઉદેપુરનાં ક્વાંટમાં એકથી દોઢ ઇંચ વરસાદ નોંધાયો હતો. ગઈકાલે રાજ્યમાં સૌથી વધુ 41.9 ડિગ્રી તાપમાન વલ્લભવિદ્યાનગરમાં નોંધાયું હતું. અમદાવાદમાં 40.6 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

.................................................................................

## Sikkim Gujarati tourists

સિક્કિમમાં ભુસ્ખલનને કારણે ફસાઈ ગયેલા પ્રવાસીઓને બચાવવા માટે સ્થાનિક તંત્ર દ્વારા બચાવ અભિયાન ચાલી રહ્યું છે. આ પ્રવાસીઓમાં ગુજરાતનાં પણ કેટલાંક પ્રવાસીઓ છે. ગુજરાત સરકાર સિક્કિમ સરકારનાં સંપર્કમાં છે અને બચાવ કામગીરીની માહિતી મેળવી રહી છે.

સિક્કિમના મંગન જિલ્લામાં તાજેતરમાં થયેલા ભારે વરસાદને પગલે ભુસ્ખલન થવાથી લોકપ્રિય પ્રવાસન સ્થળ લાચુંગમાં દેશનાં 1200થી વધુ પ્રવાસીઓ ફસાઈ ગયા છે, જેમાંથી ગુજરાતનાં પણ કેટલાંક પ્રવાસીઓનો સમાવેશ થાય છે. આ પ્રવાસીઓનો ચોક્કસ આંક જાણી શકાયો નથી, તેઓ લાચુંગની હોટલમાં રોકાયા હોવાની પ્રાથમિત વિગતો છે. આ તમામ પ્રવાસીઓ સલામત છે.

.................................................................................

## JUNIOR NATIONAL KICK BOXING-BARODA

**વડોદરાનીં દિવ્યાંગ ખેલાડી ડિંકલ ગોરખાએ જુનિયર નેશનલ કિક બોક્સિંગ સ્પર્ધામાં સુવર્ણચંદ્રક જીતી લીધો છે. તાજેતરમાં પશ્ચિમ બંગાળમાં રમાયેલી જુનિયર નેશનલ કિક બોક્સિંગ સ્પર્ધામાં 18 વર્ષીય ડિંકલે તેના પ્રતિસ્પર્ધીને હરાવી સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો.**

.........................................................................

## GIR - DABANO DUR

ગીર સોમનાથમાં અકસ્માત નિવારવા જિલ્લા કલેકટરની અપીલથી સોમનાથ વેરાવળ નેશનલ હાઇવે તથા વેરાવળ-તાલાલા રાજ્ય ધોરી માર્ગ પરથી ધાર્મિક દબાણો સ્વેચ્છાએ દૂર કરવામાં આવ્યાં હતાં. આ દબાણો દૂર થતાં નેશનલ અને રાજ્ય ધોરીમાર્ગ ઉપર અંદાજીત 8000 ચો.ફુટની સરકારી જગ્યામાં આવેલા ધાર્મિક દબાણો દૂર કરવામાં આવ્યાં હતાં..સ્થાનિક લોકોના સહકાર વડે તંત્રે આ કામગીરી સરળતાથી સંપન્ન કરી હતી. જ્યારે જિલ્લાના ગીર ગઢડા તાલુકાના જામવાળા ગામ પાસે આવેલ પ્રખ્યાત જમજીર ધોધની આસપાસના દબાણો પણ દૂર કરીને માર્ગેને મુલાકાતે મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવતાં હોય છે.

આ સ્થળે પાર્કિંગની અપૂરતી સુવિધા તેમજ સાંકડા રસ્તાના કારણે પ્રવાસીઓને મુશ્કેલીઓ પડતી હતી. આ કાર્યવાહી દરમિયાન જમીનના ખેતી તથા બિનખેતીના દબાણો દૂર કરાયાં હતાં.

.........................................................................

# Jamjir Fall encroachment

ગીર ગઢડા તાલુકાના જામવાળા ગામ પાસે આવેલ પ્રખ્યાત જમજીર ધોધની આસપાસનાં ખેતી તથા બિનખેતી વિષયક દબાણો દૂર કરવામાં આવ્યા છે. અગાઉ ગીર સોમનાથ જિલ્લાનાં કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ જમજીર ધોધની રૂબરૂ મુલાકાત લીધી હતી અને આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે આ જગ્યાની આસપાસની સરકારી જમીનના અનઅધિકૃત દબાણો શોધીને તેની માપણી કરાવીને ગેરકાયદેસર દબાણો હટાવવાનાં આદેશ આપ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, મોટી સંખ્યામાં પ્રવાસીઓ જમજીર ધોધની મુલાકાતે આવતાં હોય છે. આ સ્થળે પાર્કિંગની અપૂરતી સુવિધા તેમજ સાંકડા રસ્તાના કારણે પ્રવાસીઓને મુશ્કેલીઓ પડતી હતી.

.......................................................................................